સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

નેતા-પ્રધાનોની પ્રજા સાથે કોઇ કડી નથી!
શોધ્યા કરે ઉકેલ ફૂંચી તો હજી જડી નથી!
રડી નથી આંખ, પ્રજાના દુખ-દર્દ સાંભળી -
ચૂંટણીનું કરે ચિંતન, પ્રજાની પડી નથી!
(ચિંતન શિબિર)

થયા નારાજ,
વીર બજેટ વાળા
રીસફ્લીંગ?!
('અધ્યક્ષ' નથી થવું)

નિમાઇ ગયાં
- મુખ્ય-આચાર્ય પદે!
શ્રી નીમાબેન
(આવતાં ની સાથે જ)

ચિંતન

ઐશ્વર્યસ્ય વિભૂષણં સુજનતા શૌર્યસ્ય વાક્સંયમો જ્ઞાનસ્યોપશમઃ શ્રુતસ્ય વિનયો વિત્તસ્ય પાત્રે વ્યય : ।
અક્રોધસ્તપસઃ ક્ષમા પ્રભવિતુર્ધર્મસ્ય નિર્વ્યાજતા સર્વોષામપિ સર્વકારણ મિદં શીલં પરં ભૂષણમ્ ॥

ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક છે :

સમૃદ્ધિ-ઐશ્વર્ય-સત્તા-પદની શોભા-વિભૂષણ-સૌજન્ય છે. અર્થાત્ સત્તા-પદ-ઐશ્વર્ય હોય પણ તેની શોભા તો એની સાથે સત્તાધીશ-ધનવાનમાં સૌજન્ય-નમ્રતા-વિવેક હોય એમાં જ છે.

શૂરવીર-માણસ હોય પણ તના બળ પ્રદર્શનમાં ઉછૃંખલતા-ઉદ્ધતાઇ-નહીં પણ વાણીમાં સંયમ હોય એ જ શક્તિની શોભા છે.

જ્ઞાની હોય એને સંસારીક ઉપાધિઓ-ઉચાટ-અશાંતિ ન હોય તેને દ્વારા પૂરતો 'વિવેક' તાટસ્થ્ય પ્રાપ્ત થઇ જાય છે તેથી માનસિક શાંતિ મળે છે. જ્ઞાનની શોભા શાંતિ છે.

શાસ્ત્રના અભ્યાસથી વિનય-વિવેક મળે છે.

ધનવાનના ધનની શોભા તો પાત્ર-જરૂરિયાતમંદ ગરીબ-નિર્ધનને દાન આપવામાં જ્યે.

તપ કરવાથી સિધ્ધિ-શક્તિ મળે છે, તેને કારણે મદ-અભિમાન આવે છે. આવા લોકો નાની-નાની બાબતમાં ઉશ્કેરાટ-ક્રોદ અનુભવે છે. તપનું આભૂષણ અક્રોધ છે.

જે બળવાન-શારિરીક શક્તિશાળી છે એને પોતાની શક્તિ-બળ બળાવવાની તાલાવેલી હોય છે આને મારૂં કે આને પછાડું? પણ બળનું આભૂષણ છે ક્ષમા.

જે ધાર્મિક છે એ સરળ હોય, નિર્દંભ હોય જે પણ બોલે-કરે-કહે એ તદ્દન સ્વાભાવિક-કુદરતી હોય, ધર્મની શોભા નિર્દંભી થવામાં છે.

ચારિત્ર્ય-શીલ-સદાચાર બધા માનવીનું મૂળ-પાયાનું આભૂષણ છે.

સુવિચાર

- બોલવા કરતાં મૌન સારૂં, મૌન કરતાં સત્ય બોલવું સારૂં, સત્ય અને પ્રિય બોલવું વધારે સારૂં પરંતુ ધર્માનુરૂપ બોલવું શ્રેષ્ઠ - વિદુરનીતિ
- સત્ય હોય તે પ્રિય નથી લાગતું, પ્રિય હોય તે બધું સત્ય નથી હોતું - કાલિદાસ
- તમારે તમારી છાપ 'જૂઠાબોલા' ની ઉપસાવવી હોય તો હંમેશાં સત્ય જ બોલો - લોગન પિયરસલ
- સત્ય એ અમૂલ્ય ખજાનો છે, તેનો કરકસર યુક્ત ઉપયોગ કરો - માર્ક ટ્વેઇન
- સત્યનિષ્ઠ થયા વિના કર્તવ્યનિષ્ટ બની શકાય નહીં - ગાંધીજી
- જૂઠા માણસને મિત્ર, પુણ્ય, કે યશ કંઇ જ મળતું નથી - કલ્પતરૂ
- સત્ય શ્રેષ્ઠ છે અને સત્યનું આચરણ શ્રેષ્ઠતમ છે - નાનકદેવ

બોધ કથા

જીવનની દરેક પ્રવૃત્તિ-સ્વાભાવિક-કુદરતી થવી જોઇએ, એમાં દેખાદેખી-દંભ-આંડબર-નકલની વૃત્તિ ન હોવી જોઇએ, દિક્ષા-જપ-તપ-ધ્યાન-યોગ, પાઠ-પૂજા વગેરે મન અને આત્માના આનંદ માટે છે જો તમને એમાં 'કુદરતી' મજા ન આવે તો ન કરવાં. દંભથી તો નહીં જ.

પરમહું સ્વામી રામકૃષ્ણ દેવ અને શારદામણિ દેવી દક્ષિણેશ્વરમાં આશ્રમ જીવન જીવતાં હતા. અનેક શિષ્યો ત્તાં ધર્મ-ધ્યાન-સત્સંગ માટે 'ભગવાં' ધારણ કરી, રહેતા હતા.

એક યુવાન શારદામણિ દેવી પાસે આવ્યો અને કહ્યું, માતાજી! હું બ્રહ્મચર્ય તો પાળું છું પણ હવે મને લગ્ન કરી, 'સંસાર' વસાવવાની ઇચ્છા થાય છે. આવા વિચાર ન આવે એના માટે મારે શું કરવું?

દેવી માતાજી એ કહ્યું, બેટા! એમાં શું, તું લગ્ન કરી લે, સંસાર વસાવી લે, ઠાકુરને સમજાવી તને હું રજા પણ અપાવી દઇશ!

દેવીમાંની બાજુમાં બેઠેલાં એક પ્રૌઢ સાધ્વીજીએ કહ્યું, માં આમ તો તમે બધાને સંયમ-બ્રહ્મચર્ય અને સંસારમાં ન પડવા માટે બોધ આપો છો, આમ છતાં તમે આ યુવાનને કેમ રજા આપી?

શારદામાં કહે, આ યુવાન ઘણા સમયથી આશ્રમમાં રહે છે એને સાંચા-ખોટાંના વિવેકની ખબર છે પણ તેની તીવ્ર વાસના-ભોગ ભોગવવાની ઇચ્છા પ્રબળ છે એને કોઇ બોધ-સત્યની અસર થશે નહીં, 'કુદરતી' રીતે જ જ્યારે તેના પુણ્યનો ઉદય થશે ત્યારે જ તેને સાચી સમજ થશે. ઇચ્છા દબાવી, મન મારી, દંભથી કોઇ ક્રિયા કરવાનો કોઇ જ અર્થ નથી.

નિયમિત કસરત કરવાથી ઊંઘ આવી શકે છે, રોજ કસરત કરવી જોઇએ, સૂતી વખતે હળવી કસરત કરવાની ઊંઘ સારી આવે છે, યોગ દ્વારા પણ અનિદ્રાનો રોગ દૂર થઇ શકે છે, યોગનાં આસનોને લીધે શારીરિક તેમજ માનસિક રાહત થાય છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

હાલનો જમાનો ખૂબ જ ઝડપી યુગનો ગણવામાં આવે છે. માણસો આખો દિવસ પશુઓની જેમ કામ કરે છે. દિવસભરના પરિશ્રમ પછી શરીરને માટે શારીરિક અને માનસિક આરામની ખૂબ જ જરૂર રહે છે. માણસને આરામ ઊંઘ દ્વારા મળે છે. શરીરને રાહત આપવા માટે ઊંઘ જરૂરી છે. શરીરના સ્નાયુઓને ઊંઘ દ્વારા આરામ મળી રહે છે. તો આપણા શરીરમાં રહેલાં ખોરાકને સારી રીતે પાચનક્રિયા સરળ બનાવવાનું કામ પણ ઊંઘ કરે છે ઊંઘ માણસ માટે અનિવાર્ય છે.

માણસને પૂરતા પ્રમાણમાં ઊંઘ ન આવે તો એ પણ એક રોગ ગણાય છે. જે માણસને ઊંઘ ન આવે તે મને ઊંઘ નથી આવતીની ફરિયાદ લઇને ડોક્ટરની પાસે દોડી જાય છે. અને ડોક્ટર ફટાફટ કેટલીક દવાઓ લખી આપે છે.

હવે આપણે થોડુંક મગજ કશીને એ વિચારી એ કે ઊંઘ કોને ન આવે? કઠોર પરિશ્રમ કરનારને ક્યારેય ઊંઘ નથી આવતી એવી ફરિયાદ નહિ કરે. જે માણસો આળસુ હોય અને સુસ્ત છે એવાઓને સમય ક્યાં પસાર કરવો એ સવાલ મુંઝવે છે. એવી જ રીતે પૈસાદાર લોકો અને શહેરી લોકો આવી ફરિયાદ કરતાં હોય છે. અને પછી તેમને ઊંઘની દવાઓ લોવાની ટેવ પડી જાય છે. જ્યાં સુધી ઊંઘવાની દવા ન લે ત્યાં સુધી તેમને ઊંઘ આવતી નથી. ઊંઘની દવાઓ લેવી એ સારી વાત નથી જ. શરીરને માટે તે નુકશાન કરનારી છે. માણસને ઊંઘ ન આવે એટલે તે માનસિક શાંતિ મેળવી શકે નહિ. અને ઊંઘવા માટે દવાઓ વગર ઊંઘ જ ન આવે પરિણામે શરીરની તંદુરસ્તી બગડે.

માણસ માત્ર માટે ઊંગ શરીરને આરામ મળી રહે તે માટેની એક પ્રક્રિયા છે. સારી ઊંઘ આવી હોય તો મન પ્રફુલ્લિત રહે છે. ઊંઘવાથી મગજ અને શરીરને સંપૂર્ણ આરામ મળી રહે છે. રાતે ઊંઘવા જતો માણશ શારીરિક અને માનસિક રીતે થાકેલો લાગે છે. સવારે ઊંઘ લઇને માણસ ઊઠે છે ત્યારે મન શાંત અને પ્રફુલ્લિત હોય છે.

માણસ માત્રના મનમાં એવો પ્રશ્ન થાય કે આપણે કેટલું ઊંઘવું જોઇએ? દરેક વ્યક્તિએ પોતાની જરૂરિયાત પ્રમાણે ઊંઘવું જોઇએ. માણસને પૂરતી ઊંઘ લેવા માટે સાધારણ રીતે સાતથી આઠ કલાકની ઊંઘ શરીર અને મનને આરામ આપવા માટે પૂરતી છે. જોકે આપણી આજુબાજુ એવા કેટલાય માણસો હોય છે જે ચાર-પાંચ કલાકની ઊંઘ લઇને પણ તાજગી અનુભવતા હોય છે.

જેમ જેમ માણસની ઉંમર વધે છે તેમ તેમ તે અનિદ્રાનો રોગી બનતો જાય છે. આની પાછળ ઘણાં બધાં કારણો જવાબદાર છે. ઉંમર વધવાની સાથે ઊંઘની માત્રામાં ધીમે-ધીમે ઘટાડો થયો હોય છે. ઘરડા માણસો સૂતા હોય અને આજુબાજુ સહેજ અમથો અવાજ થતાં જાગી જતાં હોય છે. માણસની ઉંમર જેમ-જેમ વધતી જાય છે તેમ તેમ ઊંઘની જરૂરિયાત ઓથી થઇ જાય છે. બાર વર્ષના બાળક માટે નવથી દસ કલાકની ઊંઘ પૂરતી ગણાય. જ્યારે અઢાર વર્ષના પુખ્ય બાળકની ઊંઘ આઠ કલાક એ લાભદાયક છે. ચાલીસ વર્ષની આઘેડ ઉંમરે સાત કલાક તો સાઇઠથી એંશી વર્ષના ઘરડા માણસને સાડા છ કે છ કલાકની ઊંઘ મળે તોપણ પૂરતી સ્વસ્થતા જોવા મળે છે.

માણસને પૂરતા પ્રમાણમાં ઊંઘ ન આવવી એ એક પ્રકારનો રોગ છે. આ રોગીના માણસને મહા પ્રયાણે જ્યારે ઊંઘ આવે ત્યારે આજુબાજુ જો કોલાહલ થાય અથવા તો સામાન્ય અવાજ થતાં તે સફળા પથારીમાંથી જાગી જાય છે. જેના કારણે અનિદ્રાનો રોગી ભૂલકણો થઇ જાય છે. પોતાના હાથ ઉપર લીધેલા કામમાં પોતાનું ધ્યાન કેન્દ્રીય કરી શકતો નથી. જેના લીધે તે હંમેશાં ઉદાસ રહે છે.

આપણને ઊંઘ ન આવવાનું કારણ શું? માણસ માત્રને અનિદ્રાનો રોગ કેમ થાય છે?

ઊંગ ન આવવાનું મુખ્ય કારણ તાણ પેદા કરે છે. ખીજાયા કરવું, ક્રોધ કરવો એ પણ ઊંઘ ન આવવાના કારણો છે. તો કબજિયાત, રાત્રે વધારે પડતું ખાતું હોય, ચા-કોફી વધારે પીધાં હોય અથવા તો ભૂખ્યા પેટે પથારીમાં પડવાનું થયું હોય ત્યારે પણ ઊંઘ ન આવે. ધૂમ્રપાન પણ ઊંઘ ન આવવાનું એક મોટામાં મોટું કારણ છે. ધૂમ્રપાનથી સ્નાયુ તંત્ર તેમજ ખાસ કરીને પાચનતંત્ર ઉત્તેજિત થતું હોઇ ઊંઘ આવતી નથી.

ઊંઘની ગોળીઓ લેવાથી ઊંઘ ન આવવાનો રોગ દૂર થતો નથી. એની ટેવ પડી જાય છે, વળી વારંવાર લેવાથી એનો પ્રભાવ પણ ઓછો થઇ જાય છે. તેનાથી જ્ઞાનતંતુ નબળા પડી જાય છે. ઊંઘની ગોળીઓની ટેવ પડી જાય તેમને અપચો, રહે, ચામડીના ચીરા પડે, લોહીના ભ્રમણ અને શ્વાસની તકલીફ, ભૂખ ન લાગે, માનસિક ભ્રમ જેવી ફરિયાદો રહેતી હોય છે.

અનિદ્રાના રોગીએ તો સહુથી પહેલાં પોતાનો સૂવાનો સમય ચોક્કસ કરવો જોઇએ. રોજ રાત્રે એક જ સમયે પથારીમાં સૂવા જવું જોઇએ. સવારે જાગવાનો સમય પણ નિશ્ચિત રાખવો જોઇએ. આમાં વહેલાં સૂઈને વહેલાં ઉઠવાનો નિયમ વધારે લાભદાયી છે.

પરીક્ષાના દિવસો આવે ત્યારે વાંચવા માટે વિદ્યાર્થીઓ મોડી રાત સુધી અને ક્યારેક તો વહેલી સવાર સુધી જાગતા હોય છે. આ માટે ઉપરાઉપરી ચા પણ પીવાતી હોય છે. મોડે સુધી વાંચવું એ એક રીતે મૂર્ખાઇ જ છે. આ રીતે આખી રાત જાગીને ઉજાગરા કરવાથી સરવાળે ગેરફાયદો જ થાય છે. પરીક્ષા આપતી વખતે માથું ભમતું હોય છે. અથવા તો એકાગ્રતા રાખી શકાતી નથી.

આહાર લેવામાં સાધારણ ફેરફાર કરીને સમતોલ આહાર લેવામાં આવે તો અનિદ્રાના રોગથી છૂટકારો મેળવી શકાય છે.

ઊંઘ-હઠ તો રાજહઠ, બાળહઠ અને સ્ત્રીહઠ કરતાં પણ ચડી જાય એવી હઠીલી છે. પરાણે ઊંઘવાનો પ્રયત્ન કરીએ તો એ દૂર ને દૂર રહે છે. એટલે ઊંગ માટેનો સારામાં સારો ઉપાય તો એ છે કે પથારીમાં ઊંઘવાનો પ્રયત્ન કરવાને કોઇ મધુર સંગીત અથવા તો મનને ગમે તેવી ચોપડી વાંચવી જોઇએ. પથારીમાં પડતી વખતે વિચારો આનંદપ્રેરક વિષયના હોવા જોઇએ. અને આ સૂતી વખતે શરીર પર તંગ કપડાં પહેરવાને બદલે ઢીલાં વસ્ત્રો હોવા જોઇએ. પથારીમાં શરીર તથા મનને સંપૂર્ણ આરામ આપવો જોઇએ.

નિયમિત કસરત કરવાથી ઊંઘ આવી શકે છે. રોજ કસરત કરવી જોઇએ. સૂતી વખતે હળવી કસરત કરવાની ઊંઘ સારી આવે છે. યોગ દ્વારા પણ અનિદ્રાનો રોગ દૂર થઇ શકે છે. યોગનાં આસનોને લીધે શારીરિક તેમજ માનસિક રાહત થાય છે.

અનિદ્રાથી બચવાનો સહેલો ઉપાય છે મન ઉપર કોઇ જાતનો બોજ ન રહેવા દેવો તે. મનની શાંતિ માટેના ઉપાયો કરવાથી અનિદ્રા દૂર થાય છે. રોજની નવથી દસ કલાકની મહેનત અને હંમેશાં કાર્યરત રહેવાથી ફાયદો થાય છે. દિવસભરનો કઠોર પરિશ્રમ ગાઢ નિદ્રા લાવનારો બની રહે છે.

નઇ તાલીમના દર્શન, ઇતિહાસ અને વર્તમાન સમયે તેની ઉપયોગિતા વિશે નવી આશાસ્પદ દૃષ્ટિ કેળવી આપતું ચિંતનાત્મક લેખોનું નજરાણું

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ઈકોલોજી (સૃષ્ટિ સંતુલન શાસ્ત્ર) ગાંધીવિચારને સમજવામાં સૌથી વધુ સબળ માધ્યમ છે. એનો પ્રત્યક્ષ અનુભવ એટલે એવા મનુષ્યનું નિર્માણ જેની માન્યતાઓ, વલણો અને મનોવૃત્તિ આજની અન્યાય, શોષણ, વિદ્વેષ અને હિંસામૂલક વિચારધારાથી ભિન્ન હોય, મનુષ્યની વાજબી માન્યતાઓના નિર્માણમાં સૌથી અસરકારક કેળવણી છે. એટલે કેળવણી રચના જ એવી હોય એ પ્રાપ્ત કરનાર લોભમુક્ત, સહકારયુક્ત અને પરસ્પર પોષક જીવનસરણીમાં વિશ્વાસ ધરાવતો હોય.

'માણસાઈની કેળવણી' એક એવું પુસ્ત છે જેમાં ગાંધી વિચાર અને નઈ તાલીમના પ્રયોગ ધર્મ ચિંતક એવા એક કેળવણીકાર દ્વારા નઈ તાલીમના સીધા કાર્યનું, અનુભવોનું, એના ચિંતન અને પ્રયોગોનું. અભ્યાસ અને અવલોકનનું, પૃથ્થકરણ અને તારણોનું આલેખન કરી મનુષ્ય માત્ર માટે હિતકારી એવું એક દર્શન લેખકે પ્રસ્તુત કર્યું છે.

આ પુસ્તકમાં ત્રીસ લેખો છે. ૧૯૭૭ના એક લેખને બાદ કરીએ તો અન્ય સહુ લેખો ૧૯૮૯ થી ૨૦૧૧ના અરસામાં વ્યાખ્યાન માટે અથવા લેખ સ્વરૂપે તૈયાર થયેલા છે. લેખક ૧૯૬૭માં લોકભારતીમાં શિક્ષક તરીકે જોડાયા અને ૧૯૮૩ માં આચાર્ય થયા. ૧૯૭૭ પછીનો શિક્ષણ અંગેનો તેમનો પહેલો લેખ ૧૯૮૯માં પ્રગટ થયો છે તેવું જણાય છે. અભ્યાસ કર્યા બાદ અને ૨૨ વર્ષ શિક્ષણનો અનુભવ લીધા બાધ નઈ તાલીમ અને શિક્ષણ અંગે એમણે લખવાનું શરૂ કર્યું જે નિરંતર ચાલી રહ્યું છે. નઈ તાલીમ વિષે બોલવામાં કે લખવામાં એમણે ખૂબ જ ધીરજ ધરી છે. તેથી જ વર્ષોનાં અભ્યાસ અને અનુભવે જે પ્રગટ થયું છે તે ધીરગંભીર છે. ૨૦૧૨માં તેમના જ લેખો આ પુસ્તક રૂપે આવી રહ્યાં છે. તેમાં ૨૦૧૧ના ત્રણ લેખો સામેલ છે. વાચકો માટે લેખોમાં અભ્યાસ અને અનુભવનું સંયોજન અનુભવી શકશે. લેખોને પુસ્તક રૂપે પ્રગટ કરવા માટે લેખકે સારી રીતે સંકલન અને સંપાદન કર્યું છે. નઈ તાલીમના તત્ત્વોને ઉજાગર કરતો પહેલો ભાગ છે. જેમાં દસ લેખો છે. શિક્ષણ જગતમાં સમાજવિજ્ઞાન વિષયમાં ઈકોલોજી અને એનવાયરમેન્ટ (પારિસ્થિતિકિ અને પર્યાવરણ) પ્રમાણમાં નવા વિષયો છે. તો



પુસ્તકના બીજા વિભાગમાં ચાર લેખોમાં પૂર્વસૂરિઓના અનુભવોને સાંકળીને વાચક સમક્ષ મુકાયા છે. પુસ્તકના ત્રીજા વિભાગમાં ગુજરાતમાં નઈ તાલીમના પ્રયોગ વિષે, તેની અસર અને તેની સ્થિતિ અને સંભાવના અંગે ત્રણ લેખો છે. આમાં લેખકની પરિસ્થિતિના વિશ્લેષણમાં રહેલી વસ્તુનિષ્ઠા અને અતિનિરાશા કે પેલી આશાથી દૂર આવેલી વાસ્તવિકતા સરાહનીય છે. પુસ્તકના ચોથા વિભાગમાં અન્ય લેખોની સાથે એમ.આર.એસ.ના અભ્યાસ કાર્યક્રમ વખતે આપેલું ઉદ્બોધન પ્રવચન વિશેષ જોઈ જવા જેવો લેખ છે. 'આ આખી વાતને વિદ્યાર્થીઓ માટે સૂત્ર રૂપે' શબ્દરૂપે મુકવાની હોય તો તે માટે ગુજરાતી વિદ્યાપીઠના કુલનાયક સુદર્શન આયંગર ચાર શબ્દો તેમના પ્રસ્તાવનામાં સુચવે છે.

(૧) અભ્યાસ નિષ્ઠા
(૨) એકાગ્રતા
(૩) તત્પરતા અને
(૪) વ્યાપકતા

આ વિભાગમાં લેખોમાં બદલાતી ગ્રામ પરિસ્થિતિ અને તેને અનુરૂપ ગ્રામ વિદ્યાપીઠોએ કઈ રીતે પ્રસ્તુત બનવું જોઈએ તેની છણાવટ જોવા મળે છે.

પુસ્તકના છેલ્લા ભાગમાં સમાયેલા લેખો ગુજરાતમાં પ્રવર્તતી શિક્ષણ જગતની સ્થિતિ-પરિસ્થિતિ અને તેના પર એક અનુભવી શિક્ષક અને શિક્ષણવિદ્‌ની સમીક્ષા, ટિપ્પણી અને સંશોધન માટેના સૂચનો છે. પુસ્તકમાં છેલ્લો ૩૧મો લેખ મનસુખભાઈ વિશે તેમનો પરિચય કરાવતો રતિલાલ બોરીસાગરનો હાસ્ય વ્યંગરહિત લેખ છે. એમ કહેવાય છે કે વ્યક્તિનો વિશેષ પરિચય મેળવ્યા બાદ તેમનાં વિચારોને વાંચીએ તો વધારે સમજાય છે.

શિક્ષણ જગતમાં મૌલિક પ્રદાન કરનાર નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી, મૂળશંકરભાઈ ભટ્ટ, ન.પ્રુ. બુચ વગેરે પછીની પેઢીમાં આ પુસ્તકના લેખક મનસુખ સલ્લા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ગોરલ ગામના ખમતીધર ખેડૂત શામળ પટેલની જિંદગીમાં એક પછી એક ઝંઝાવાત આવતા ગયા, સૌથી મોટો ફટકો પુત્રના અકાળ અવસાન રૂપે પડ્યો

ડંખ વાર્તા

- કેશુભાઈ દેસાઈ

સાત દિવસમાં સંપન્ન થતી ભાગવત સમાહ વધુ બે દિવસ લંબાવાઈ. નવમા દિવસે પણ ગામ આખું ખડે પગે હતું. આસપાસનાં પંદરવીસ ગામોમાંથી શ્રદ્ધાળુઓ, શ્રોતા સમુદાય ઊમટતો રહ્યો હતો, છેલ્લા દિવસો દરમિયાન તો પંડાલમાં બેસવાની પણ જગ્યા ક્યાં બચી હતી? ભજન મંડળીઓ રાત આખી ધૂમ મચાવતી અને સવારે નવના ટકોરે તો રામ સુંદરજી મહારાજની કાર કથા મંડપના પ્રવેશદ્વારે આવીને ઊભી થઈ જતી. છેલ્લા પંદર વરસથી એ ડુંગરાળ ધરતીમાં ડેરો તાણીને બેઠેલા એ સંતની સુવાસ આખા પંથકમાં ગૂગળના ધૂપની જેમ પ્રસરી ગઈ હતી. એમની કથા કરાવવા માટે આગોતરી નોંધણી કરાવવી પડતી. બે-ત્રણ વરસ પછીની તારીખ મળે તોય એ યજમાન માટે મોટું સદ્‌ભાગ્ય જ લેખાતું. સંત પોતે કશું સ્વીકારતા નહીં, એટલે યજમાન યથાશક્તિ એમની ગૌશાળા માટે કંઈક આપી છૂટવાની મથામણમાં રહેતાં.

ગોરલ ગામના ખમતીધર ખેડૂત શામળ પટેલની જિંદગીમાં એક પછી એક ઝંઝાવાત આવતા ગયા. સૌથી મોટો ફટકો પુત્રના અકાળ અવસાન રૂપે પડ્યો. જી એને પરણાવ્યેમાંડ આઠ-નવ મહિના થયા હતા ત્યાં કાળ ઓચિંતું જ વિકરાળ બાજ પક્ષી ગભરું કબૂતર પર ત્રાટકે એમ એકના એક સુરેશ પર ત્રાટક્યો અને પટેલ-પટલાણીની જિંદગી ધોળે દિવસે અમાસ બની ગઈ હતી. પટેલ તો ગમે તેમ તોય ખડકાળ ધરતીનું ધાવણ ધાવીને ઊછરેલ આદમીની જાત, એટલે બે-પાંચ વર્ષે એ આઘાત જીરવીને રાત્રે પડી ગયા, પણ દુખિયારી પટલાણી માટે એ કારી ઘા જીરવવો સહેલો નહોતો. સૌથી મોટું દુઃખ તો નજર સામે અડવા હાથ અને કોરું ધાકોર કપાળ લઈ ફરતી સવાર સાંજ છાનાં છાનાં આસુ સારતી અને ઊના ઊના નિસાસા ઢોળતી રૂપ રૂપના અંબાર સમી વહુ હતી. હજુ બિચારીની ઉંમર જ ક્યાં હતી આ તો ગામડિયો સમાજ, એટલે કાચી ઉંમરે છોકરીના હાથ પીળા કરી દઈ આવ્યો અવસર આટોપી લેવાની ઉતાવળ. નહીંતર માંડ સાતમું પાસ કરીને આઠમામાં આવી હતી. મોટી બેબહેનો સાથે એનું પણ ખરચ કાઢી નાખવાની ગણતરીમાં એના ગરીબડા બાપે એનો ભવ બગાડ્યો!

- ખરું સ્તો. ખાનદાન ખોરડાની દીકરીને એક વાર ચાર ફેરા ફરી લીધા પછી બીજે થોડી વળાવી શકાય એમ હતી? એની સાસુનો જીવ દિકરાના મોતથી નહોતો કોચવાયો એટલો એ વિધવા પુત્રવધુને ઓસિયાળ ઓઢી પોતાનાં આંગણામાં કચરોપૂજો કરતી જોઈને કોચવાતો હતો. આવડી જ દિકરી એની કૂખે જન્મીને રંડાપો વેઠતી હોત તો એનાથી એ સહું જાત ખરું? સમાજની રૂઢિથી બંધાયેલી હતી, નહિંતર કયારનીય....

શામળ પટેલ સાથે એક ઢળતી રાતે થયેલી ચડભડ ચંદ્રિકાના કાન કાગળમાં છપાઈ ગઈ છે. આંખી મીંચતાની સાથે બે ઘટનાઓ એકી સાથે સાકાર થઈ ઊઠે છે. એને વંચાવા લાગે છે સાસુ અંબાનાં એ લોહીનાં આંસુઃ 'મારું ચાલે તો ચંદરીને આંગણામાં માંડવો રોપીને રંગેચંગે.. ચ્યમ વળી, એને જિંદગીનો લ્હાવો લેવાનું મન નોં હોય?'

શામળ પટેલ મૂંગા થઈ ગયેલાં. 'આપણી ન્યાતમાં અતાર લગી નથી બન્યું એ કેમ કરીને બનાવશો? લોક જીવવા દેશ ખરું? તમારા ઘરમાંયે રે'વા ના દે આ વખ્ખમ જાત્ય...' એમણે ધીમે રહીને એક લાંબો નિસાસો મૂકી ઉમેર્યું હતું બાપડી કરમની દુણાયેલી છ... આપણા ઘરના છોતા ખાવાના લખાઈને આવી છ તો એને હખે કે દખે પાલવ્યે છૂટકો. ખોટા લોગી ઉકાળા કરે શો ફેર પડશે? ઈના કરતે બાપડા પહુડાને પેટની જણી હમજીને જીવીએ એ જ બરાબર...

પણ પછી વળતા ભાદરવાની એક ભેંકાર રાતે ઘરની લાઈટો ગૂલ થઈ ગઈ હતી અને એક ઓળો બિલ્લી પગલે એની પથારી તરફ સરકી રહ્યો હતો. 'ઓ મા રે! -' હોઠની પાળ નહીં ઓળંગી શકેલી ચીસ એની ભીતરમાં જ સમાઈ ગઈ હતી. એની નસેનસમાં ભયનું લખલખું ફરી વળ્યું હતું. અવાજ કરવા જાય તો બાપ સમાન ગણેલો માણસ પળવારમાં તણખલાના તોલે પટકાઈ પડે. ઘરમાં જ ભડકો થઈ જાય ને. અવાજ ન કરે તો... હજી એ બે વિકલ્પો વચ્ચે ઝોલાં ખાતી એના ખટલામાં થરથરી રહી હતી ત્યાં હાથબત્તીનો તેજ લિસોટો વીજળીના ચમકારાની માફત ઓરડીના બંધ બારણાની તિરાડમાં ઝબૂકી ઊઠ્યો હતો.

એ પછી શું બન્યું એનું ચંદ્રિકાને સરખું ઓસાણ નથી રહ્યું. ચોક્કસ, જે કંઈ બની ગયું તે નહોતું બનવું જોઈતું. પણ એમાં એ થોડી જવાબદાર હતી? એણે બૂમ પાડી હોત તો આ ઘરનાં નળિયા સલામત રહ્યો હોત ખરાં? એને તો સપનેય કલ્પના નહોતી કે જીવનમાં ક્યારેય કોઈ પુરુષ સાથે -

ને એ પુરુષ કોઈ અતરાપી હોત તોય જુદી વાત હતી. અહીં તો વાડ ચીભડું ગળી ગઈ હતી. ચૂપચાપ પડી રહી હતી, મડદાની જેમ. મોઢા પર સાડલાનો છેડો ઢાંકી દીધેલો. અને પેલી ટૉર્ચની તેજરેખા એની મીંચાયેલી આંખો સુધઈ પહોંચે એ પહેલાં તો ખેલ ખતમ થઈ ગયો હતો. એ મનમાં ને મનમાં ગાયત્રી મંત્ર જપતી રહી. કોણ જાણે સવાર કેવી ઊગશ, એની કલ્પના સરખી નહોતી થઈ શકતી. રહી રહીને પેલું પાંચ આંગળીનું પાપ-પરણ્યા પછી આણે તેડેલી તે વખતની સુરેશ સાથે ગાળેલી એ મધુરજનીની રાત યાદ આવ્યા કરતી હતી. સુરેશ સાથે ગાળેલી એ મધુરજનીની રાત યાદ આવ્યા કરતી હતી. સુરેશ જીવતો હોત તો આજે એ ઘરની રાણી જ હોત ને! ઓછામાં ઓછાં બે છૈયાંની મા હોત. એના સસરા એની સામે કૂડી નજર માંડવાની હિંમત જ ન કરી શક્યા હોત, બલકે વહુભા, વહુભા કરતા હોત અને રૂપિયા કરતાં વ્યાજ વહાલું-ગણી એમના વંશવેલાનો થોડો બની ને વહુ-દિકરાનું મન જીતવના મથતા હોત...

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૧મી જાન્યુઆરી

- ભારતીય સ્વાતંત્ર્ય સંઘ-સ્થાપક લોર્ડ હાર્ડિંગ પર બૉંબ ફેંકનાર રાસબિહારી બસુનું અવસાન. દિલ્હીમાં વાઇસરોય લોર્ડ હાર્ડિંગ ઉપર ચાંદની ચોકના ભરચક લતામાં તેમણે બોમ્બ ફેંક્યો હતો, ૧૬ જેટલાં પુસ્તકોનો જાપાની ભાષામાં લખ્યા. ૨૧-૧-૧૯૪૫માં અવસાન થયું.
- ૧૯૫૪ - નાટીલસ અમેરિકાની પ્રથમ અણુ સંચાલિત સબમરીન તરતી મુકાઇ.
- ૧૯૧૮ - હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવા સંદર્ભે ગાંધીજીએ ટાગોરને પત્ર લખ્યો.
- ૧૯૬૯ - ભારતમાં પહેલું સ્વદેશી ડિઝીટલ કોમ્પ્યુટર તૈયાર.



- ૧૯૨૪ - રશિયાના જ્યોતિર્ધર, સામ્યવાદના સ્થાપક લેનિનું ગોર્કી ખાતે અવસાન.
- ૧૯૨૧ - લેખક, કવિ, સંશોધક અને સુધારક એવા હાજી મોહંમદ અલ્લારખ્ખા શિવજીનું મુંબઇમાં અવસાન.
- ૧૯૨૬ જોન લાગી બાયર્ડ નામના સ્કોટલેન્ડ વાસીએ સૌ પ્રથમ ટેલિવિઝનનો જાહેરમાં ઉપયોગ કર્યો.